# CIMS Cancer Care

Volume-2 | Issue-19 | November 25, 2020 Price : ₹ 5/-

અંદર ના પાનામાં :



કેન્સર અને સેન્ટીનલ લીમ્ફ નોડ



કેન્સર અને શરીર: સારવાર પહેલા અને સારવાર પછી



લોકડાઉન ઘણાં માટે બ્રેકડાઉન બની ગયું



કોરોના અને કેન્સર- મૂઝવણના જવાબો



# કેન્સર અને સેન્ટીનલ લીમ્ફ નોડ



## લીમ્ફનોડ શું છે ?

લીમ્ફનોડ શરીરનો ભાગ છે જે રોગ સામે લડવા માટે ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. લીમ્ફનોડ શરીરના અનેક ભાગમાં જેવા કે બગલ, ગળુ, છાતી, જાંઘ, પેટ વગેરે જગ્યાએ હોય છે. લીમ્ફ નોડ હાનીકારક તત્વો જેવા કે બેકટેરીયા, વાયરસ તથા કેન્સરના કોષોને રોકે છે અને તેની સામે લડવાની શકિતનું સંચાલન કરે છે.

કેન્સરના કોષો આ લીમ્ફનોડમાં પકડાય છે અને તેના દ્વારા ફેલાય પણ છે. કેન્સરના ફેલાવમાં લીમ્ફનોડ અગત્યનો ભાગ ભજવે છે. કેન્સર જયારે લીમ્ફનોડમાં ફેલાય છે ત્યારે, કેન્સરનું સ્ટેજ બદલાય છે, કેન્સર આગળ વધેલું કહેવાય છે.

## લીમ્ફનોડમાં કેન્સર

જયારે લીમ્ફનોડમાં કેન્સર ફેલાય ત્યારે તે ખરાબ સમાચાર છે આનો અર્થ એ થાય કે કેન્સર તેના ઉદ્દ્ભવ સ્થાનથી બીજે ફેલાવા માંડયું છે . હવે તે બીજા અંગોમાં પણ ફેલાય શકે છે.

મોટાભાગના કેન્સરના ઓપરેશનમાં મુખ્યરોગની સાથે સાથે નજીકની લીમ્ફનોડનો સંપૂર્ણ નિકાલ કરવામાં આવે છે. કેટલી લીમ્ફનોડમાં રોગ ગયો છે, તેના આધારે લાંબાગાળાના પરિણામ કેવા આવશે તેનો અંદાજ મેળવી શકાય છે અને તેથી વધારાની સારવાર જેવી કે કીમોથેરાપી તથા રેડીયોથેરાપીની સારવારની સલાહ આપવામાં આવે છે.

## લીમ્ફનોડ કાઢવાથી શું થાય ?

કેન્સરના ઓપરેશનમાં મુખ્ય રોગની સાથે સાથે નજીકની ઘણી લીમ્ફનોડના સમુહને કાઢવામાં આવે છે. આ લીમ્ફનોડ એક સમુહ તરીકે કાઢવો જરૂરી હોય છે.

લીમ્ફનોડના સમુહને કાઢવાથી ઓપરેશનનો વ્યાપ ઘણો વધી જાય છે. આથી દેખાવ બદલાય છે, સોજો આવે છે, ચામડીની સંવેદના જતી રહે છે(સ્પર્શની ખબર ન પડે), સ્નાયુઓ નબળા પડે છે તથા પાણી ભરાય છે. આ ઉપરાંત લોહી વહેવું, ચેપ થવો, રૂઝ બરાબર ન આપવી અને ઘા ની નિશાની રહી જવી જેવી અનેક તકલીફો થાય છે.આમાંથી ઘણી તકલીફ સમય જતા વધે પણ છે.

રોગ લીમ્ફનોડમાં ફેલાયો છે કે નહી તે જાણવું ખૂબ જ જરૂરી હોય છે, દર્દીનું ભવિષ્ય કેવું રહેશે તથા વધારાની સારવારની જરૂર છે કે નહી તે નકકી કરવા આ માહિતી ખૂબ જ જરૂરી છે.

## સેન્ટીનલ લીમ્ફનોડ એટલે શું ?

કેન્સર જયારે લીમ્ફનોડમાં ફેલાય ત્યારે જે લીમ્ફનોડમાં પહેલા ફેલાય તેને સેન્ટીનલ લીમ્ફનોડ કહેવાય છે. એનો અર્થ એવો થાય કે જયારે સેન્ટીનલ લીમ્ફનોડમાં કેન્સર ફેલાયું નથી ત્યારે કેન્સર બીજી કોઈ લીમ્ફનોડમાં/લીમ્ફનોડના સમુહમાં ફેલાયું નથી.

## સેન્ટિનલ લીમ્ફનોડનું ઓપરેશન એટલે શું ?

ખાસ પધ્ધિતથી સેન્ટીનલ લીમ્ફનોડ શોધવામાં આવે છે.આ શોધેલી લીમ્ફનોડ - સેન્ટીનલ લીમ્ફનોડને તાત્કાલિક લેબોરેટરીમાં મોકલવામાં આવે છે. જો આ સેન્ટીનલ લીમ્ફનોડમાં રોગ ન આવે તો બાકીની લીમ્ફનોડ કે લીમ્ફનોડના સમુહને કાઢવાથી કોઈ ફાયદો નહી થાય તેથી તેને કાઢવાની કોઈ જરૂર નથી.

સેન્ટીનલ લીમ્ફનોડમાં કેન્સર ફેલાયેલું જાણવામાં આવે તો રોગના સંપૂર્ણ નિકાલ કરવા માટે આખા લીમ્ફનોડના સમુહને કાઢવો જરૂરી થાય છે.

## સેન્ટીનલ નોડનું ઓપરેશન કયા કેન્સરમાં થઈ શકે ?

સ્તન કેન્સર, મેલાનોમા (ચામડીનું કેન્સર), પુરૂષની ઈન્દ્રિયના કેન્સરમાં સેન્ટીનલ નોડનું ઓપરેશન વિશ્વમાં સ્વીકારાઈ ગયું છે. વિશ્વની બધી જ પ્રખ્યાત હોસ્પિટલમાં આ ઓપરેશન નિયમિત રૂપે થાય છે. આ ઉપરાંત, ગર્ભાશયના મુખનું કેન્સર, મોં ના કેન્સર, ગર્ભાશયના કેન્સર તથા મોટા આંતરડાના કેન્સરમાં તે અગત્યનો ભાગ ભજવી શકે છે.

## બધી લીમ્ફનોડ કાઢવાથી થતી તકલીફો

સોજો આવે છે, સંવેદના જતી રહે છે, સ્નાયુઓ નબળા પડે છે, પાણી ભરાય છે, ચેપ થવાનું જોખમ છે

## સેન્ટીનલ લીમ્ફનોડ ઓપરેશન તાત્કાલીક તપાસ

### સેન્ટીનલ લીમ્ફનોડમાં કેન્સર નથી

બાકીની લીમ્ફનોડ કાઢવાનો કોઈ લાભ નથી. જરૂરી નથી

### સેન્ટીનલ લીમ્ફનોડમાં કેન્સર છે.

રોગ મુકિત માટે બાકીની લીમ્ફનોડ કાઢવી જરૂરી છે

**સૌજન્ય**

**ડૉ. તરંગ એચ. પટેલ**
MS, MAMS, MCh (Onco Surgery)
**કેન્સર અને બ્રેસ્ટ સર્જન**
(મો) +91 98250 22074

# કેન્સર અને શરીરઃ સારવાર પહેલા અને સારવાર પછી

**સારવાર પહેલાંઃ**

કેન્સર શરીરના મોટા ભાગના અંગોમાં થઈ શકે છે. કેન્સર શરીરના જે ભાગમાં થાય છે અંગનો તે ભાગ નષ્ટ કરે છે જેને કારણે તે ભાગનું કામ થતું નથી અથવા ઓછું થાય છે. ઉદાહરણ તરીકે અજ્ઞનળીના કેન્સરમાં અન્નનળીમાં ગાંઠ/ચાંદું થવાને કારણે તેનું કાર્ય ઓછું થાય છે અને દર્દીને ખોરાક ઉતારવામાં તકલીફ પડે છે, ખોરાક ઓછો થઈ જાય છે અને પરિણામે વજન ઓછું થાય છે. ગળાના કેન્સરમાં દર્દીને બોલવાની તકલીફ પડે છે, શ્વાસ લેવામાં તકલીફ પડે છે અથવા ખોરાક ઉતારવમાં તકલીફ પડે છે. આ તકલીફ કેટલી માત્રામાં થશે એનો આધાર કેન્સર કેટલું વધ્યું છે( ગાંઠનું માપ અને કયા અંગમાં ફેલાયું છે ) તેના પર છે.માનવ શરીરમાં દરેક અંગનું કોઈ ચોકકસ કાર્ય છે. આથી કેન્સર જયારે કોઈ અંગને નુકશાન પહોચાડે છે અને તેને નષ્ટ કરે છે ત્યારે તે કાર્યમાં ઊણપ આવે છે.



**જીભનું કેન્સર**

**ઓપરેશનની (Surgery) સારવાર પછીઃ**

કેન્સરની સારવારમાં વપરાતી વિવિધ પધ્ધતિઓમાં ઓપરેશન, રેડિયોથેરાપી અને કિમોથેરાપીનો સમાવેશ થાય છે. આ બધી સારવારને કારણે શરીરમાં અમૂક બદલાવ આવે છે. મોટાભાગના બદલાવ ટૂંકા ગાળાના હોય છે જયારે અમુક લાંબા ગાળાના અથવા જીવનભર ના હોય છે.

ઓપરેશન(સાર્જરી) ની સારવારમાં શરીરમાં જે જગ્યાએ કેન્સર થયું હોય તે ભાગ તથા તેની આજુબાજુંનો થોડો ભાગ શરીરમાંથી કાઢવામાં આવે છે. આ ભાગ કેન્સરગ્રસ્ત હોઈ તે શરીર માટે ઉપયોગી નિવડતો નથી અને તેનું કામ પણ ઘણી વખત ઓછું થયુ હોય છે. તેવી પરિસ્થિતીમાં જયારે શરીરમાંથી આ અંગ દૂર કરવામાં આવેશે ત્યારે તેનું કાર્ય પણ પૂર્ણ થાય છે અથવા તે જે જગ્યાએ રહીને કાર્ય કરતું હોય છે તે કાર્યમાં થોડી ઊણપ રહે છે. ઘણી વખત ઓપરેશનમાં જે ભાગ કાઢવામાં આવે છે તે જગ્યાને પૂરવા માટે પ્લાસ્ટીક સર્જરી કરવામાં આવે છે.



**પ્લાસ્ટી સર્જરી પછીની જીભ**



**આખી જીભ કાઢયા બાદ**

**અંતમાંઃ**

ટૂંકમાં કેન્સરની બિમારીને કારણે શરીર ના ઢાંચામાં ફેરફાર થાય છે. આ ઉપરાંત કેન્સરની સારવારને કારણે પણ શરીરમાં થોડા ઘણા ફેરફાર થાય છે. આ બધા ફેરફારને કારણે દર્દીની Quality of Life માં ફરક પડે છે.જેનો આધાર ઘણા બધા પરિબળો પર રહે છે. કફત સારવારને કારણે જ શરીરમાં ફેરફાર થતો નથી, કેન્સર પોતે પણ શરીરમાં ઘણા બદલાવ કરે છે. જેમ કેન્સર નાનું તેટલો બદલાવ ઓછો. આથી જ કેન્સરનું નિદાન અને સારવાર જેટલા વહેલા થાય તેટલું સારુ.કેન્સરની સારવાર પછીનું જીવન દર્દી સારી રીતે જીવી શકે તે પણ એટલું જ મહત્વનું છે. કેન્સરની સારવારમાં દર્દીની "Life" & "Quality of Life" બંનેનું મહત્વ છે.



**ઓપરેશન દરમ્યાન કાઢેલ કેન્સરગ્રસ્ત જીભ**

**સૌજન્ય**

**ડો. નટુ પટેલ**
MS,
**કેન્સર સર્જરીના નિષ્ણાંત**
**(મો) +91 98250 43672**

**ડૉ. મૌલિક આર. ભેંસદડિયા**
MBBS, MD (રેડિએશન ઓન્કોલોજી)
**રેડિયેશન ઓન્કોલોજીસ્ટ (કેન્સર નિષ્ણાંત)**
**(મો) +91 99257 85859**

# સીમ્સ ઈસ્ટ હોસ્પિટલ (નોન-કોવિડ)




## “સીમ્સ ઈસ્ટ” હોસ્પિટલ (નોન-કોવિડ હોસ્પિટલ)

**કોવિડ મહામારીના સમયમાં હાઈ રીસ્ક સર્જરીમાં નવા કિર્તીમાન સ્થાપિત**

**કોરોના ની વૈશ્વિક મહામારીની સારવારમાં અભૂતપૂર્વ કામગીરી**

✓ માર્ચ ✓ એપ્રિલ ✓ મે ✓ જૂન ✓ જુલાઈ

- ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયાક સાયન્સ
- ઓર્થોપેડીક
- ટ્રોમા
- જી.આઈ. સર્જરી
- વાસ્ક્યુલર
- કેન્સર સર્જરી
- ન્યૂરો એન્ડ સ્પાઈન સર્જરી
- ઓબ્સ્ટ્રેટીક્સ એન્ડ ગાયનેકોલોજી
- યુરોલોજી
- પીડિયાટ્રીક્સ
- ઈ.એન.ટી.

**કોવિડ મહામારી દરમિયાન બધી જ નોન-કોવિડ બિમારીની શ્રેષ્ઠ સારવાર**

Volume-2 | Issue-19 | November 25, 2020



# લોકડાઉન ઘણાં માટે બ્રેકડાઉન બની ગયું


**બ્રેકડાઉન આર્થીક રીતે અને સ્વાસ્થ્યની રીતે પણ,**

આવાજ એક સીનીયર સીટીઝન દર્દી, નામે જીતેન્દ્રભાઈ મહેતા (ઉંમર વર્ષ ૮૩) ને એપ્રીલ મહિનામાં પેટમાં દુખાવો થયો. તેમને સતત પેટમાં દુખાવો રહેતો અને પેટ ખોરાક પછી ભારે રહેતું હતું. સમય જતાં તેમનું પેટ ધીરે ધીરે ફુલવા માંડયું અને તેમને પેટમાં ગાંઠ હોય તેવો અનુભવ થવા માંડયો, જૂન મહિનામાં ગાંઠ મોટી થઈ ગઈ અને તેમને પ્રાથમીક તપાસ (સોનોગ્રાફી અને સીટી સ્કેન)કરાવી લીધા.

આર્થીક ભીસના લીધે અને નવેમ્બર મહિનામાં પૌત્રી ના લગ્ન હોવાથી ઓપરેશન ન કરાવવાનો નિર્ણય કર્યો.જોકે તેમના દિકરાને ખર્ચ કરવામાં જરા પણ વાંધો ન હતો.

ઓગષ્ટ મહિનામાં તકલીફ વધી ગઈ. ખોરાક ખૂબજ ઓછો થઈ ગયો અને શરીરમાં અશકિત થવા લાગી. તેથી તેમના દિકરા એ તેમને ફોર્સ કરીને સીમ્સ હોસ્પિટલના પ્રખ્યાત અને અનુભવી ડો. દર્શન ભણશાલી ને બતાવવાનો નિર્ણય લીધો.

સીમ્સ હોસ્પિટલમાં ડો. દર્શન ભણશાલી ને બતાવ્યા પછી સીટી સ્કેન તથા બાયોપ્સી કરાવવામાં આવી. જેમાં Retroperitoneal Lipo sarcoma નિદાન થયું. આ રીપોર્ટ કરાવ્યા પછી ડોકટરે તેમના દિકરાને જણાવ્યું કે જીતેન્દ્રભાઈ ના પેટની ગાંઠ ખૂબજ મોટી છે અને તેને ઓપરેશન કરીને કાઢવી જરૂરી છે. પેશન્ટના દિકરા તથા તેમની પૌત્રી એ તેમને સમજાવીને ઓપરેશન માટે તૈયાર કર્યા







ડો. દર્શન ભણશાલી તથા ડો. મનીષ ગાંધી અને તેમની ટીમે ચાર કલાક ની જટીલ સર્જરી કરીને, 32cm x 27cm x 23cm ની સાઈઝની ૫.૪ કીલોની મોટી ગાંઠ સફળતાપૂર્વક કાઢી .

ઓપરેશનના ચોથા દિવસે જીતેન્દ્રભાઈ ને હૃદયરોગનો હુમલો થયો જે ડો. વિપુલ કપુરે (Cardiologis) સારવાર આપીને માત્ર દવાથી કંન્ટ્રોલ કરી લીધો. પેશન્ટને ૮ માં દિવસે ડીસચાર્જ કરી દીધા અને ૧૮ મા દિવસે ટાંકા પણ તોડી દીધા.

તત્પર તથા કાર્યક્ષમ ડોકટરો અને સ્ટાફ ધરાવતી મલ્ટિડિસ્પિપ્લિનરી હોસ્પિટલને કારણે જ આ શકય હતું.

દર્દીના પૌત્રી ખૂબ ખુશ હતી કારણ કે તેના દાદા હવે તેના લગ્નમાં ભાગ લઈ શકશે..

૩૫૦ બેડ વાળી, મલ્ટિ સુપર સ્પેશિયાલિટી (અનેક પ્રકાર ના રોગો / સ્વાસ્થ્ય પરિસ્થિતિઓ ના નિદાન, સંભાળ અને સારવારો પૂરી પાડતી હોસ્પિટલ) અને ગુજરાતની શ્રેષ્ઠ હોસ્પિટલો માંથી એક છે, જે વિવિધ પ્રકાર ની નિદાન અને સારવાર સેવાઓ પૂરી પાડે છે



એવી સિમ્સ (CIMS) હોસ્પિટલ, અમદાવાદ. વૈશ્વિક આરોગ્યસંભાળ ના ઉચ્ચ ધોરણો ની સેવાઓ આપતી, સિમ્સ હોસ્પિટલ ને, સમગ્ર ભારત માં ઉચ્ચ ગુણવત્તા વાળી આરોગ્ય સંભાળ અને દર્દી ની સલામતી પૂરી પાડવા માટે, જેસીઆઈ (JCI) - જોઇન્ટ કમિશન ઇન્ટરનેશનલ (યુએસએ), એનએબીએચ (NABH) (નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર હોસ્પીટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઇડર્સ) અને એનએબીએલ (NABL) (નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ ની માન્યતા ધરાવે છે.

બે પર્યાપ્ત જગ્યા ધરાવતી અને અદ્યતન અને અત્યાધુનિક ઇમારતો માં ફેલાયેલી છે - સિમ્સ પૂર્વ અને પશ્ચિમ. સિમ્સ હોસ્પિટલ, સૌથી વધુ અનુભવી ડોકટરો, નવીનતમ ટેકનોલોજી અને ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રકચર (દર્દીઓ ની સાર-સંભાળ માટે ની આધારરૂપ વ્યવસ્થા) નું મિશ્રણ પૂરું પાડે છે, જે સુનિશ્ચિત કરે છે દર્દીઓ ને વિશ્વ સ્તર ની સંભાળ અને સારવાર મળે. આ હોસ્પિટલ એ, તેના દર્દીઓ ને, માનવીય સાર-સંભાળ આપવા માટે ની સંસ્કૃતિ વિકસાવી છે

**સૌજન્ય**

**ડૉ. દર્શન ભણસાલી**

MS, MCh (Onco Surgery) (Gold Medalist)

**કેન્સર સર્જરીના નિષ્ણાંત**

**(મો) +91 98250 96763**

CIMS
Cancer Care

Volume-2 | Issue-19 | November 25, 2020

# સીમ્સ કેન્સર સેન્ટર



ઓરલ કેન્સર માટે
જટિલ **માઈક્રોવાસ્કયુલર રીકન્ટ્રકશન** સર્જરી

## ભારતમાં દર વર્ષે ઓરલ કેન્સરનાં ૧૦ લાખ થી વધુ કેસ

રીકન્શટ્રકશન સર્જરી તમારા શરીરનાં તંદુરસ્ત ભાગમાંથી પેશીઓ કાઢવામાં આવે છે.
જ્યાં લોહીનો પ્રવાહ ઓછો હોય અને આવશ્યકતા હોતી નથી.

**માઈક્રોવાસ્કયુલર ટેકનીક એ ચહેરાનાં બધાંરણ માટેનું સૌથી અદ્યતન સર્જીકલ વિકલ્પ છે.**

# સંપુર્ણ આરોગ્ય સારવાર આપના ઘરે 24x7



- **નર્સીંગની સુવિધા - 24 x 7**
- **વિશેષ નર્સીંગની સુવિધા**
- **સારસંભાળ રાખનારની સુવિધાઓ**
- **ફીઝીયોથેરાપીની સુવિધાઓ**
- **મેડીકલ સાધનો ભાડેથી**
- **મેડીકલ સાધનો વેચાણથી**
- **હોમ સ્લીપ સ્ટડી**
- **ઘરે મેળવો દવાઓની નિઃશુલ્ક ડિલિવરી**
- **ઘરે બેઠા રસીકરણ (ADULT / PAEDIATRIC)**

Care At Homes®
home health @ your doorstep
A UNIT OF CIMS HOSPITAL PVT LTD

**એક ફોન કરો અને આ બધી સુવિધાઓ આપના ઘરે મેળવો**
**+91-90990 67988 | www.careathomes.com**

## Dr. Natu V. Patel - MBBS, MS (Onco Surgery)




- Passed MBBS & MS From B J Medical College, Gujarat University in 1977 to 1981.
- Junior lecturer in ONCO surgery at M P Shah Cancer Hospital from 1981 to 1984.
- Organised National and International Conferences in the capacity of Secretary and Treasurer.
- Started Private Practice as ONCO SURGEON in 1984 in Ahmedabad.

Volume-2 | Issue-19 | November 25, 2020



# કોરોના અને કેન્સર-મૂંઝવણના જવાબો



કોરોના વાયરસ એટલે કે COVID-19 ઈન્ફેકશન એ વિશ્વના ૨૧૫ જેટલા દેશોમાં અસર પહોચાડી છે, અને લગભગ ૧.૩ કરોડ લોકોમાં આ ઈન્ફેકશન નો ચેપ લાગેલ છે. તો સ્વાભાવિક છે કે લોકોમાં કોવિડ-૧૯ થી ભય પેદા થાય.

**આ સમયમાં ઘણી બીજી મોટી બિમારી જેવી કે કેન્સર, હૃદયરોગ, મગજ કે ફેફસાની બિમારી ધરાવતા દર્દીઓ મૂઝવણમાં મૂકાઈ જાય છે કે હોસ્પિટલમાં જવું કે ના જવું, ત્યાં જવાથી કોરોના થઈ જશે તો ?**

આજ કાલ બધી જ હોસ્પિટલોમાં તેના ડોકટર, સ્ટાફ, દર્દી અને સગાની વિશેષ સાવચેતી લેવાય છે અને માસ્ક, ગ્લોવ તથા પી.પી.ઈ. કીટ પહેરવામાં આવે છે. તો દર્દી અને તેના સગાની પણ એ જવાબદારી બને છે કે એમણે પણ આ નિયમોનું પાલન કરવું જોઈએ અને એકબીજાથી ઓછામાં ઓછું ૩ મીટરનું અંતર રાખવું જોઈએ. આમ કરવાથી કોરોના સંક્રમણ થી બચવાની શકયતા વધે છે. બીજું તમારા સાંભળવામાં આવ્યું છે કે ઓછી રોગપ્રતિકારક શકિત ધરાવતા લોકો ને કોરોનાનો ચેપ જલ્દી લાગે છે. તો સૌ પ્રથમ જણાવું કે રોગ પ્રતિકારક શકિત શું હોય છે ? રોગ પ્રતિકારક શકિત એટલે કે શરીરની કોઈપણ ઈન્ફેકશન સામે લડવાની તાકાત. ઘણી બિમારી તથા ઘણી પરિસ્થિતી જેવી કે કેન્સરની બિમારી, ગર્ભાવતી સ્ત્રી, ડાયાબીટીસ, જેનેટીક બિમારીમાં આ શકિત ઓછી થાય છે, તો આ બધા લોકોએ ઈન્ફેકશન ન થાય તેની ખાસ સાવચેતી રાખવી જોઈએ અને સંપૂર્ણ આહાર લેવો અને પ્રમાણસર આરામ કરવો જોઈએ.

કેન્સરના દર્દી જેમની સારવાર પતી ગઈ હોય અને ૪-૬ મહિનાથી સારૂ થઈ ગયું હોય એમણે એપોઈન્ટમેન્ટ લઈને આવવું, જેથી હોસ્પિટલમાં ભીડ ન થાય અને એમનો હોસ્પિટલમાં સમય ન બગડે અથવા વિડીયો કન્સ્લ્ટેશનની સહાય લઈ શકે છે.

કોરોના ના ભયથી કેન્સરના ઈલાજમાં રાહ ન જોવડાવવી જોઈએ. ઓપરેશન, કીમોથેરાપી, કે રેડીયેશનની સારવાર સમયસર કરાવવી જોઈએ. જો આમાં મોડું થાય તો કેટલાક કેન્સર નો સ્ટેજ વધી જાય અને એના સારા થવાના ચાન્સીસ ઓછા થઈ જાય છે, હંમેશાં તમારા ટ્રીટમેન્ટ આપતા ઓન્કોલોજીસ્ટ સાથે ચર્ચા કરીને સારવાર નો નિર્ણય લેવો જોઈએ. ઘણા દર્દીને કેન્સર ટ્રીટમેન્ટ જેવી કે રેડિયેશન અને કિમોથેરાપી પત્યા પછી કોરોના થવાનો ડર રહે છે એવું નથી કે બધા કેન્સરના દર્દીને ટ્રીટમેન્ટ પત્યા પછી પણ કોરોના ઈન્ફેકશન ની વધારે શકયતા હોય છે.
એ તમારી ઈલાજ ની પધ્ધતિ, ઈલાજ પત્યાને કેટલો સમય થતો, અત્યારે ચાલતી દવાઓ અને આસપાસના વિસ્તારમાં કોરોના ના કેટલા કેસ છે એ ઘણી બધી બાબત પર નિર્ભર કરે છે. કોઈપણ કેન્સરના દર્દીએ કોરોના થી દૂર રહેવાની સરકારની ગાઈડ લાઈન પ્રમાણે જ ચાલવું જોઈએ.

બીજી મહત્વની વાત છે સ્ક્રીનીંગની સામાન્ય માણસ જે તપાસ કે ટેસ્ટ કેન્સર છે કે નહી તે જાણવા માટે તેને સ્ક્રીનીંગ કહે છે. આ સમયમાં તમારે તમારા ડોકટર સાથે વાત કરીને સ્ક્રીનીંગ કરાવવી કે નહી તે નિર્ણય લેવો જોઈએ. રૂ બાબત તમને કેન્સર થવાનું રિસ્ક કેટલુ છે, છેલ્લી સ્ક્રીનીંગ તપાસ કયારે થઈ હતી એ બધી બાબતોપર નિર્ભર કરે છે.

કોરોના ઈન્ફેકશન નો અંત આવશે પણ કયારે તેની કોઈને જાણ નથી. અંત આવે ત્યાં સુધી આપણે એની સાથે જ જીવવાનું છે માટે આપણે કેન્સર અને કોરોના બન્ને ને બેલેન્સ કરીને જીવન જીવતા શીખવું જ પડશે.

**સૌજન્ય**

**ડૉ. પ્રાપ્તી પટેલ દેસાઈ**
MD Radiation Oncology
**રેડીયેશન ઓન્કોલોજી**
**(મો) +91 90392 71466**

CIMS Cancer Care Registered under RNI No. GUJBIL/2017/75574

Published on 25th of every month

Permitted to post at PSO, Ahmedabad-380002 on the 26th to 30th of every month under

Postal Registration No. AHD-C/100/2019-2022 issued by SSP Ahmedabad valid upto 31st December, 2022

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Ph. : +91-79-2771 2771-72

Fax: +91-79-2771 2770

Mobile : +91-98250 66664, 98250 66668

**Subscribe "CIMS Cancer Care" :** Get your "CIMS Cancer Care", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 1059 / 4805 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

# સીમ્સ હોસ્પિટલ

**અમેરિકા ન્યૂઝવીક મેગેઝીન (૨૦૨૦)માં**
**ભારત અને વિશ્વની શ્રેષ્ઠ હોસ્પિટલોમાંની એક તરીકે સ્થાન**

**WORLD'S BEST HOSPITALS**

2020

Newsweek

POWERED BY
statista

**CARE INSTITUTE OF MEDICAL SCIENCE**

Printed and Published by **DEVANG C. BHAVSAR** on behalf of **CIMS HOSPITAL PRIVATE LIMITED** and Printed at Hi-Scan Private Limited, 304, G.I.D.C. Estate, Sarkhej-Bavla Highway, Village - Changodar (Taluka – Sanand, Dist - Ahmedabad) and published from CIMS HOSPITAL PRIVATE LIMITED, Near Shukan Mall, Off Science City Road, Sola, AHMEDABAD - 380060. Editor - **DEVANG C. BHAVSAR.**